

ગાંધીનગર મહાનગરપાલિકામાં સામેલ કુડાસણ અને પાલજ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રોડ શૉ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રોડ શૉ માં ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ, વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરોનો કાફલો જોડાયો હતો.

# ભાટ પાસે ગાડીમાંથી ૨૩૩ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર પાસે ભાટ એપોલો સર્કલ પાસેથી પોલીસે બાતમીને પગલે કારમાંથી વિદેશી દારુની ૨૩૩ બોટલ ઝડપી પાડી હતી. પોલીસે દારૂની હેરાફેરી કરતા બે વ્યકિત સહિત રૂ.૩.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવની ટીમ પેટ્રોલીંગમા હતી તે સમયે પોલીસને બાતમી મળી હતી કે દારૂનો મોટો જથ્થો ગાડીમાં એપોલો સર્કલ થી અમદાવાદ તરફ જવાનો છે. જેને પગલે પોલીસે એપોલો સર્કલ પાસે ખાનગી વાહનમાં વોચ ગોઠવી હતી. તે સમયે બાતમીવાળી સફેદ કલરની ગાડી જી.જે.૦૧.આર. એફ.-૯૦૬૭ પસાર થતા તેને ઉભી રાખવાનો ઈશારો કરતા કારના ચાલકે ગાડી ભાટ તરફ દોડાવી મુકી હતી.જેથી પોલીસે પણ કારનો પીછો કરી દારુ ભરેલી કારને પકડી પાડી હતી. પોલીસે કારમાં સવાર શખ્સોની પુછપરછ કરતા તેઓએ પોતાના નામ શાંતિલાલ કમજી ડામોર (રહે. રાફલાફલા ભુવાલી ગામ ડુંગરપુર રાજસ્થાન) અને અશોક નાથુજી કલાલ (ખેડા આશાપુરા ડુંગરપુર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડીમાં તપાસ કરતા તેમાં વિવિધ વિદેશી દારુની બોટલ નંગ.૨૩૩ મળી આવી હતી. પોલીસે કાર અને દારુ મળી કુલ રૂ.૩.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અમદાવાદ પહોંચી ગયા પછી માલની ડિલીવરી માટે કોલ કરવાનો હતો પરંતુ તે પહેલા એલસીબી પોલીસે દબોચી લીધા હતા. પોલીસે ત્રણ શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ગાંધીનગર પધારેલા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલસિંહ આર્ય અને રાષ્ટ્રીય મહામંત્રી શંભુનાથ ટુંડીયાની મુલાકાતે પહોંચેલા વોર્ડ નં. ૧૦ના ઉમેદવારોએ આશિર્વાદ લઈને ધન્યતા અનુભવી હતી. તસ્વીરમાં મહેન્દ્રભાઈ દાસ, યોગેશભાઈ પટેલ, યોગેશભાઈ નાયી નજરે પડે છે.

# ગાંધીનગર શહેરના માર્ગો પર રખડતા ઢોરોનો અડીંગો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર દ્વારા ઢોર પકડવાની કામગીરી યોગ્ય રીતે થતી નથી. શહેરના માર્ગો પર ગમે ત્યારે માર્ગ વચાળે ઢોર આવી જતા નાના મોટા અકસ્માત સર્જાય છે. તો બીજીતરફ સેકટરોની ગલીઓમાં રખડતા ઢોર ગમે તેને શીંગડે ભરાવે છે. ત્યારે શહેરમાં રખડતા કુતરાઓના આતંકથી નાના બાળકો ઘર પાસે શાંતિથી રમી પણ શકતા નથી. ત્યારે શહેરના સેકટર-૭ બી માં સવારના સમયે દુધ લેવા માટે નીકળેલા વૃધ્ધ મહિલા પર કુતરાએ હિંસક હુમલો કર્યો હતો. વૃધ્ધાના હાથ-પગ અને મોં પર કુતરાએ બચકા ભરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ અન્ય સેકટરવાસીઓ પણ આ કુતરાના શિકાર બનતા સેકટરમાં ડરનું વાતાવરણ સર્જાયું છે.

ગાંધીનગર શહેરના માર્ગો પર રખડતા ઢોરો અડીંગો જમાવી રહ્યા છે. તો બીજીબાજુ સેકટરોના આંતરીક માર્ગો પર રખડતા કુતરાઓથી નાગરીકો પરેશાન થઈ ગયા છે. મળતી વિગત મુજબ સેકટર-૭ બી ખાતે રહેતા વૃધ્ધા સવિતાબેન નિત્યક્રમ પ્રમાણે વહેલી સવારે દુધ લેવા માટે જઈ રહ્યા હતા તે સમયે એક હડકાયુ કુતરુ તેમની નજીક આવી ગયું હતું. સવિતાબેન કંઈ સમજે તે પહેલા જ કુતરાએ બચકા ભરવાનું શરુ કર્યુ હતું. જમીન પર પડી ગયેલા વૃધ્ધાને કુતરાએ હાથ-પગ અને મોં પર બચકા ભરી લીધા હતા. જયારે વૃધ્ધાએ હોહા કરતા આસપાસના નાગરીકો દોડી આવતા તેમને કુતરાના સકંજામાંથી તેઓને બચાવ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધા સવિતાબેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયારે હડકાયા કુતરાએ અન્ય નાગરીકોને પણ બચકા ભર્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે કુતરાના આતંકને પગલે સેકટરમાં ઘરમાંથી બહાર નીકળતા પણ વસાહતીઓ ડર અનુભવી રહ્યા છે.જયારે સ્થાનિક નાગરીકોએ કુતરાને પકડવા માટે તંત્રને જાણ કરતા યોગ્ય જવાબ ન આપીને ફોન કટ કરી દીધો હતો.



આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે કાર રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર વિસ્તારમાં કાર્યકરોનો જમાવડો જોવા મળ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ટી.બી. ફોરમની બેઠક ૬ ઓક્ટો.ના રોજ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળશે.
- ગાંધીનગર શહેર જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર તાલુકા પંચાયતની આદરજ મોટી બેઠકની પેટા-ચૂંટણી ૩જી ઓક્ટો. યોજાવાની છે ત્યારે પ્રચાર અભિયાનના આજે અંતિમ દિવસે જિલ્લાના પક્ષના પ્રભારી હર્ષદભાઈ પટેલ અને પંકજભાઈ ચૌધરી બેઠક ઈન્ચાર્જ આઈ.બી. વાઘેલાએ કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી.
- ભાજપના પૂર્વ મહામંત્રી આઈ.બી. વાઘેલાએ પગે ફેક્ચર હોવા છતાં છેલ્લા ૧૫ દિવસથી આદરજ ખાતે ચૂંટણીના ઈન્ચાર્જ તરીકે ફરજો બજાવી કાર્યકરોના દિલ જીત્યા છે.
- આગામી ૪ ઓક્ટો.ના રોજ આઈ.ટી.આઈ. ગાંધીનગર દ્વારા કલોલ ટાઉનહોલ ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે.
- આગામી ૧૩મી ઓક્ટો.ના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા જિલ્લામાં લીગલ અવેરનેસ અંગેનો મહા કેમ્પ યોજવામાં આવશે.
- પ્રચાર પડઘમ શાંત થતાં ગાંધીનગર પુનઃ શાંત નગર બની ગયુ છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિકાસ પરમીશનમાં જરૂરી સમય મર્યાદામાં ઓ.એન.જી.સી.ના એન.ઓ.સી. મળી જાય તે માટે ઓ.એન.જી.સી.ના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.
- મહાનગરપાલિકાની ચૂંટણીમાં બહારથી પ્રચાર માટે આવેલા કાર્યકરોને ગાંધીનગર છોડી જવાના આદેશો તંત્રએ કર્યા છે.

## શહેરના સેકટર-૫ માંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી પ્લોટ નં. ૭૧૯-૨ ખાતે રહેતા સાગરભાઈ મંગળભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. જયારે સાગરભાઈ છેલ્લા તેર વર્ષથી ઓઢવ ખાતે આવેલ એઆઈએ એન્જીનિયરીંગ કંપની ખાતે સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. નોકરીએ આવન જાવન માટે તેઓ સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.એચ.-૫૧૭૪ નો ઉપયોગ કરે છે.

જયારે ગત તા.૩૦ ના રોજ સાંજે ૬ વાગે નોકરી થી પરત ફરીને બાઈક ઘર પાસેની ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું. ઘરે જમી પરવાનીને સુઈ ગયા હતા, ત્યારબાદ બીજા દિવસે સવારે ઉઠીને નોકરી જવા માટે નીકળ્યા તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેને પગલે સાગરભાઈએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ બાઈક મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપી દહેજ માંગતા સાસરી પક્ષના સભ્યો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧

ન્યું ગાંધીનગર વિસ્તારમાં રહેતી અને જીઈબીમાં ફરજ બજાવતી પરિણિતાએ તેના પતિ, સાસુ-સસરા, નણંદ અને જેઠ સામે શારીરીક માનસિક ત્રાસ આપી મારઝુડ કરીને રૂ.૫૦ લાખના દહેજની માંગણી કરતા પરિણિતાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહિલાના લગ્ન આજથી સુરેન્દ્રનગર ખાતે રહેતા જયેશ સરવાળીયા સાથે વર્ષ ૨૦૦૭ માં થયા હતા. તે સમયે મહિલા જીઈબી ખાતે ફરજ બજાવતી હતી. જયારે પતિ જામનગર ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવતો હતો. પરિણીતાને તેનો પતિ સામાન્ય બાબતે તકરાર કરીને મારઝુડ કરતો હતો. તે ઉપરાંત તેણીનો પગાર પણ લઈ લેતા હતા. જયારે તેણીના સસરા પગાર ઘર ખર્ચ અને વ્યાજે લીધેલા વ્યકિતઓને રૂપીયા ચુકવતા હતા. ત્યારબાદ તેણીના પતિની બદલી બેંગ્લોર ખાતે થઈ હોવાથી તે રાજકોટ રહેવા માટે આવી ગયા હતા. તે પછી ગાંધીનગર ટીસીએસમાં ખાતે મહિલાના પતિની બદલી થતા તે યુજીવીસીએલમાં બે સ્ટેપ પ્રમોશન ગુમાવી નજીકમાં બદલી કરાવી આવ્યા હતા.

મહિલાને સાસરી પક્ષના સભ્યો પગાર ઘરમાં આપવા માટે સતત દબાણ કરતા હતા. આ ગાંધીનગર ખાતે આવ્યા બાદ પણ આ પરિસ્થિતિ યથાવત રહેવા પામી હતી. મહિલાને નોકરી છોડી દેવા દબાણ કરવામાં આવી રહ્યું હતુ અને નોકરી ના છોડવી હોય તો દહેજમાં રૂ.૫૦ લાખ પિયરમાંથી લઈ આવવા માટે કહી રહ્યા હતા. મહિલાને પતિ સતત મારઝુડ કરતો હતો અને સાસરીપક્ષના સભ્યો દ્વારા શારીરીક માનસિક ત્રાસ અને દહેજ માટે માંગ કરતા મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સાંતેજ પાસેથી ચોરીના બાઈક સાથે શખ્સને એલસીબી પોલીસે પકડી પાડ્યો

સોલા કારગીલ પેટ્રોલ પંપ પાછળના ભાગે આવેલા એ.એમ.સી.પાર્કિંગમાંથી ચોરી કરેલા બાઈક સાથે એક શખ્સને સાંતેજ પાસેથી નાઈટ પેટ્રોલીંગ દરમિયાન એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પોલીસ મથકના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ સહિત જવાનો નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાંતેજ ચોકડી નજીક આવતા એક શખ્સ બાઈખ સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા તેણે ધર્મેશ ઉર્ફે ધમો ગોરધનભાઈ સિસાંગીયા (રહે. શુકનમોલ દુકાન નં.૧૮ સાયન્સ સીટી સોલા, મુળ ગામ- નિકાવા, બ્રાહમણ શેરી જી- જામનગર), હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે બાઈક નં. જી.જે. ૧૮.એમ.૧૭૩૪ ના ડોક્યુમેન્ટ માંગતા તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા ૨૦ દિવસ અગાઉ સોલા કારગીલ પેટ્રોલ પંપ પાછળ એએમસી પાર્કીંગમાંથી ડુપ્લીકેટ ચાવીથી બાઈક ચોરી કરી લઈ ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઈ-ગુજકોપ મારફતે તપાસ કરતા બાઈકનો નં. જી.જે.૦૧. એલ. ડબલ્યું-૮૭૩૧ જણાયો હતો. બાઈકચોરી અંગે સોલા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## રીક્ષામાં મુસાફરોને બેસાડી નજર ચુકવી ચોરી કરી ટોળકીનો સભ્ય ઝડપાયો

ગાંધીનગર, તા.૧

રીક્ષામાં મુસાફરોને બેસાડી નજર ચુકવી ચોરી કરતી ટોળકીના એક સભ્યને શેરથા કટ પાસેથી બાતમીને પગલે અડાલજ પોલીસે દબોચી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. અડાલજ ત્રિ મંદિર સામે મહેસાણા તરફ જતા માર્ગ પર થી એક મહિલાના બ્રાઉન પર્સમાંથી રોકડ રૂ.૨૫ હજારની રકમ રીક્ષામાં બેઠેલા મુસાફરો ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ હતી. જેને પગલે અડાલજ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો આ ગેંગને પકડી પાડવા માટે સક્રિય થઈ હતી. ત્યારે અડાલજ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે જીન્સ પેન્ટ અને ચોકડીવાળો શર્ટ પહેરીને એક શખ્સ શેરથા કટ પાસે ઉભો છે. તે શખ્સ રીક્ષામાં મુસાફરોને બેસાડી પર્સમાંથી રૂપીયાની ચોરી કરે છે. હાલમાં તેની પાસે ચોરીના રૂપીયા હોવાનો પોલીસને શક હતો. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા ઉપરોકત વર્ણનવાળો શખ્સ હાજર હતો. પોલીસે તેને પકડી તેનુ નામ પુછતા તેણે મહંમદ રાકીબ મોહંમદઆરી અંસારી (રોયલ અકબર જુહાપુરા)નું જણાવ્યું હતું. પોલીસે તેને ચોરી અંગે પુછતા તેણે તે તેના મિત્રો હાસીમ આસીકઅલી અંસારી, તોફીક અને રેશ્મા વગેરે સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હતો.




ટચુકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧